
નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા. ૦૬/૦૧/૨૦૨૫   થી ૧૨/૦૧/૨૦૨૫

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| બીલીમોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી ઉતરાયણ તહેવાર દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ તથા ટુ વ્હીલ વાહન ચાલકો માટે ખૂબ જ જોખમી હોય છે ઉતરાયણ તહેવાર સુરક્ષિત અને સલામત રીતે ઉજવણી થાય તે હેતુસર વાહન ચેકિંગ દરમિયાન ટુ વ્હીલ વાહન ચાલકો માટે સેફ્ટી ગ્રીલનું વિતરણ કરવામાં આવેલ છે. |  |
| આપણો સંકલ્પ જ કોઈનો જીવ બચાવશે.. સંકલ્પ કરીએ કે ચાઈનીઝ દોરી ન ખરીદીશું કે ન કોઈને ખરીદવા દઈશું! |  |
| માંજાની માયાજાળથી બચીને રહો! |  |
| ઉતરાયણના હર્ષોઉલ્લાસના તહેવારમાં નિયમોનું પાલન કરીને તહેવારની ઉજવણી કરો. |  |

<table>
<tr>
<td>વાંસદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી ઉતરાયણ તહેવાર દરમ્યાન પતંગ ઉડાવતા હોય છે જેથી કપાયેલ દોરાથી પક્ષીઓ તથા ટુ વ્હીલ વાહન ચાલકો માટે ખૂબ જ જોખમી હોય છે ઉતરાયણ તહેવાર સુરક્ષિત અને સલામત રીતે ઉજવણી થાય તે હેતુસર વાહન ચેકિંગ દરમિયાન ટુ વ્હીલ વાહન ચાલકો માટે સેફ્ટી ગ્રીલનું વિતરણ કરવામાં આવેલ છે</td>
<td>
</td>
</tr>
<tr>
<td>વાંસદા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં સને – ૨૦૨૨થી વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી./ Wanted Accused પોલીસ ટીમ.</td>
<td></td>
</tr>
<tr>
<td>ગણદેવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી ઉતરાયણ તહેવાર સુરક્ષિત અને સલામત રીતે ઉજવણી થાય તે હેતુસર વાહન ચેકિંગ દરમિયાન લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી બાઈક સ્કૂટર પર સેફ્ટી સ્ટેન્ડ લગાડવામાં આવેલ તેમ જ ચાઇના દોરી/માંજાનો ઉપયોગ ન કરાવા જાગર્તિ સંદેશ આપવામાં આવેલ....</td>
<td>
</td>
</tr>
<tr>
<td>ગણદેવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રીના સમયે ને.હા.નં. -૪૮ની બાજુમાં બંધ પતરાની દુકાનમાંથી કિ.રૂ. રૂપિયા ૨૬,૦૦૦/- ની થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી ચોરીમા ઉપયોગ થયેલ ઇકો કાર સાથે ત્રણ આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી ગણદેવી પોલીસ.</td>
<td>
</td>
</tr>
</table>

| | |
|---|---|
| ખેરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી ઉતરાયણ તહેવાર અન્વયે  સકારાત્મક અભિગમ સાથે સુરક્ષિત અને સલામત રીતે ઉજવણી થાય તે હેતુસર વાહન ચેકિંગ દરમિયાન  લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી મોટર સાયકલો પર સેફ્ટી સ્ટેન્ડ લગાડવામાં આવેલ તેમજ ચાઇનીસ દોરી/માંજા નો ઉપયોગ ન કરાવા બાબતે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ. |   |
| મોટર સાયકલની ચોરી  કરી ચોરેલ મોટર સાયકલ સાથે રાહદારીઓના મોબાઇલ ઝુટવી લેતા ઇસમને ચોરીના મોબાઇલ મુદામાલ સાથે આરોપીને  પકડી પાડતી નવસારી ટાઉન પોલીસ ટીમ. |  |
| ખેરગામ પોલીસ સ્ટેશનના ગણનાપાત્ર પ્રોહીબીશનના ગુનાના નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી નવસારી/Wanted Accused cell |  |
| ભારતીય બનાવટની વિદેશી દારુ વ્હીસ્કીની બોટલો તથા ટીન બીયર મળી કુલ નંગ – ૧૮૧૨  કિમંત રૂપિયા ૨૬૬૬૬૪ /- નો પ્રોહીબીશન મુદામાલ તથા અન્ય સાધનો મળી ૭૭૬૬૬૪/- ના પ્રોહીબીશન મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડતી એલ.સી.બી. નવસારી |  |
| બીલીમોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રતિબંધીત ચાઇનીસ માંઝા /નાયલોન પ્લાસ્ટીકની દોરીની રીલો નંગ- ૯૧  કિંમત રૂપિય ૩૬,૪૦૦/- ના મુદામાલ સાથે એક ઇસમને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી. |  |
| પીકઅપમાં ડુપ્લીકેટ નંબર પ્લેટ લગાવી ટ્રાન્સફોર્મર પેનલ ૪૬ પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની બોટલો નંગ – ૨૨૦૮ કિમંત રૂપિયા ૨૭૬૦૦૦/- પ્રોહીબીશન મુદામાલ તથા અન્ય સાધનો મળી ૮,૦૬,૦૦૦/- ના પ્રોહીબીશન મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશન ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ગણદેવી પોલીસ ટીમ. |  |